ગુ.મુ.નં.            /

## –:: આંક – ૧ લગત હુકમ ::–

મજકુર કામે ત.ક. અમલદારે આરોપી સામે ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબનું ચાર્જશીટ રજૂ કરેલ છે.જેની ફરિયાદ વંચાણે લેતાં પોલીસ કર્મચારીએ ફરિયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૪ મુજબ એફ.આઈ.આર. તરીકે દાખલ કરાવેલ છે અને ત્યાર બાદ ત.ક.અમલદારે તે ક્રિ. પ્રો. કોડની કલમ ૧૯૫(૧)બી ની જોગવાઈ ધ્યાને લેતાં કલમ–૧૮૮ મુજબના ગુનાની ફરિયાદ જે જાહેર સેવકના જાહેરનામાનો ભંગ કરવામાં આવેલ હોયતે જાહેર સેવકની લેખિત ફરિયાદ વગર કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે નહી કે કાર્યવાહી આગળ ચલાવી શકે નહી અને આ હકીકત નામદાર સર્વોચ્ચ અદાલતે દોલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૬૨ પાન નં. ૧૨૦૬, તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ રતનલાલ ડુંગરજી પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ.મી. એ.નં. ૧૯૯૮૬/૧૪ ના કામે તથા નામદાર પટના હાઈકોર્ટ ગૌરીશંકર ઝા વિ. ચિંતનનાથ ઝા તથા નામદાર દિલ્હી હાઈકોર્ટ અરવિંદ કેજરીવાલ વિ. અમીત સિબ્બલ ક્રિ.મી.એ.નં. ૧૮૯૨૦–૨૧/૧૩ ના કેસમાં તથા સી.મુનીઅપ્પન વિ. સ્ટેટ ઓફ તામીલનાડુ, (૨૦૧૦)૯, એસ.સી.સી– ૫૬૭ ના કેસોમાં પ્રસ્થાપિત કરેલ છે તે તમામ હકીકત સી.આર.પી.સી. ૧૯૫ ની જોગવાઈઓ સાથે ધ્યાને લેતાં જાહેર સેવકની લેખિત ફરિયાદ કે જે ક્રિ. પ્રો.કોડની કલમ– ૨(ડી)માં જણાવેલ છે તે સિવાય ઈ.પી.કો. કલમ –૧૮૮ મુજબના ગુનાનું કોગ્નીઝન્સ આ કોર્ટ લઈ શકે તેમ નથી કે, કેસની કાર્યવાહી આગળ ચલાવી શકે તેમ નથી. વધુમાં સદર ચાર્જશીટ જોતાં ઉપરોકત કોઈ જોગવાઈનું પાલન કરવામાં આવેલ હોવાનું ફલિત થતું નથી. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી કાયદા મુજબ યોગ્ય અને મુનાસીબ જણાતું ન હોય ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ ની જોગવાઈ મુજબ સદર કેસની આગળની કાર્યવાહી ડ્રોપ કરતો હુકમ કરવા ન્યાયોચીત જણાતું હોય હું નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં ફરમાવું છું.

## –::હુકમ::–

સદર કેસની કાર્યવાહી ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૮ ની જોગવાઈ મુજબ સ્ટોપ કરી આરોપીને છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૦–૦૭–૨૦૨૧ ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૦–૦૭–૨૦૨૧
વડોદરા.

**( રાજીવ ઈન્દરસેન ચોપરા )**
જ્યુડી. મેજી.ફ.ક. પ્રથમ કોર્ટ વડોદરા.
કોડ નં. જી.જે.–૦૦૭૬૫